ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



મહેન્દ્રકુમાર બી ગજ્જર
જોઈન્ટ સેક્ટરી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮



પુષ્પાબેન કનૈયાલાલ દવે
(૧-૧૦-૧૯૩૯) મો. ૯૭૨૩૨ ૧૩૮૩૪

# બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર રાંધેજા ખાતે નિઃશુલ્ક રોગનિદાન-સારવાર

ગાંધીનગર, તા. ૩૦

સ્વ. જે જે બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે ગાંધી જયંતિ અને નેચરોપેથી દિવસ નિમિત્તે તા. ૨-૧૦થી ૪-૧૦ સુધી સવારે ૯થી ૧૨ દરમ્યાન નિઃશુલ્ક સર્વરોગ નિદાન તથા સારવાર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કૅમ્પમાં દર્દીઓને કુદરતી ઉપચાર પધ્ધતિઓ - હાઈડ્રોથેરાપી, માલિશ, મડ થેરાપી, કસરત, યોગ અને આહારમાં ફેરફાર દ્વારા રોગ કઈ રીતે મટાડી શકાય છે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. કૅમ્પનો લાભ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ જે દિવસે લાભ લેવા ઈચ્છતા હોય તે દિવસે સવારે ૧૨ વાગ્યા પહેલાં રાંધેજા ખાતે સંપર્ક કરી પોતાનું નામ નોંધાવવાનું રહેશે. નામ નોંધાવવા માટે ફોન નં. (૦૭૯) ૨૩૯૭૬૭૧૮ અથવા મોબાઈલ નંબર ૮૪૦૧૧ ૧૩૧૨૪નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

કૅમ્પ અંતર્ગત લોકલ સ્ટીમ, લોકલ માલિશ તથા લોકલ મડ થેરાપી જેવી સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે એમ આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# વાવોલનું મફત પુસ્તકાયલ બાળપ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું



ગાંધીનગર, તા. ૩૦

વાવોલમાં વિજય ઍપાર્ટમેન્ટ ખાતે કુમુદચંદ્ર ઠાકર દ્વારા શરૂ કરવામાં આવેલા મફત પુસ્તકાલયનો લાભ મોટા પ્રમાણમાં બાળકો લઈ રહ્યા છે અને બાળકો આ પુસ્તકાલયને સતત ધબકતું રાખી રહ્યા છે. ગત તા. ૧૫ ઑગષ્ટના રોજ આ પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન થયું ત્યારે એનો લાભ લોકો મોટા પ્રમામમાં ઊઠાવશે એવી આશા સેવવામાં આવી રહી હતી. એ આશા ફળી તો છે પણ એક નવા સ્વરૂપે. આ પુસ્તકાલયનો સૌથી વધુ લાભ બાળકો એટલે કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઊઠાવી રહ્યા છે.

આપણે ત્યાં સામાન્ય રીતે એવી માન્યતા છે કે વિદ્યાર્થીઓ અભ્યાસ સિવાય બીજું કશું વાંચતા નથી, પરંતુ એ માન્યતા અહીં ખોટી ઠરી છે.

પુસ્તકાલય શરૂ થયાના એક માસમાં જ ૩૩ જેટલાં બાળકો અહીંથી પુસ્તકો લઈ ગયાં છે. ઉદ્‌ઘાટન સમયે ૧૦ જેટલાં બાળકો હાજર હતાં, એમણે આસપાસમાં એવો તો પ્રચાર કર્યો કે હવે આસપાસની સોસાયટીનાં બાળકો પણ અહીંથી પુસ્તકો વાંચવા માટે લઈ જાય છે. અલબત્ત, બાળ સાહિત્યનાં પુસ્તકો આ બાળકોમાં વધુ ખપે છે. આ બાળકો પૈકી હર્ષ નામનો એક બાળક તો એવો છે જેણે એક માસમાં ૨૪ જેટલાં પુસ્તકો વાંચી લીધાં છે અને હજુ બીજાં વાંચી રહ્યો છે. એ જ રીતે ભારતીબેન નામનાં સન્નારી પણ મહિનામાં ૨૪ પુસ્તકો વાંચી ચૂક્યા છે.

વળી, પુસ્તકાલયમાં બાળકો માત્ર પુસ્તકોની આપલે કરવા માટે આવે છે એટલું જ નહીં, તેઓ પુસ્તકાલયના વ્યવસ્થાપનમાં ઉત્સાહથી સહાય પણ પૂરી પાડે છે.

આ કારણે પુસ્તકાલય દ્વારા બાળકોને ગીતો, સાધન વિનાની રમતો અને છાપાંમાંથી ટોપી અને અન્ય રમકડાં બનાવતાં શીખવવા માટે ફતેપુર ઉત્તર બુનિયાદી વિદ્યાલયના પૂર્વ આચાર્ય હર્ષદભાઈ રાવલને બોલાવવામાં આવ્યા હતા, જેમની સાથે સમય પસાર કરી બાળકો ઘણી નવી બાબતો શીખ્યા હતા. ઉપરાંત, પુસ્તકાલયના વ્યવસ્થાપક કુમુદભાઈએ આ બાળકોને યાદશક્તિ ખીલવવાની કળા પણ શીખવી હતી.

આ સારી પ્રવૃત્તિનું જમા પાસું એ છે કે દાતાઓ તરફથી પુસ્તકાલયને નવાં પુસ્તકો, સામયિકો મળતા જ રહે છે અને બે નિવૃત્ત અધિકારીઓ પુસ્તકાલયની વ્યવસ્થામાં કામ માટે દરરોજ પોતાનો એક કલાક ફાળવે છે. 'સારા કામમાં સૌ સાથે' એથી જ તો કહેવાયું છે.

## ડૉ. ઉષા પાઠકનાં ચિત્રોનું પ્રદર્શન ૧૦મીથી

ગાંધીનગર, તા. ૩૦

ડૉ. ઉષા પાઠકનાં ચિત્રોનું પ્રદર્શન આગામી તા. ૧૦થી ૧૨ ઑક્ટોબર દરમ્યાન રવિશંકર રાવળ કલાભવન અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે. ૧૦મી ઑક્ટોબરે સાંજે સાડાચાર વાગ્યે આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પ્રતિષ્ઠિત કલાકાર અને સંશોધક ડૉ. સુરેશભાઈ શેઠ દ્વારા કરવામાં આવશે. આ સમારોહના અધ્યક્ષ તરીકે વરિષ્ઠ લોકસાહિત્યકાર જોરાવરસિંહ જાદવ ઉપસ્થિત રહેશે. ઉપરાંત લોકશૈલીના ચિત્રકાર રમેશભાઈ રાઠોડ, ચિત્રકાર-કાર્ટૂનિસ્ટ દિલીપભાઈ દવે, કવયિત્રી અને વિવેચક ડૉ. ઉષાબેન ઉપાધ્યાય, ચિત્રકાર અશોકભાઈ પટેલ અને પ્રાધ્યાપક તથા કલાકાર પ્રા. નિષ્ઠાબેન વ્યાસ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

ડૉ. ઉષાબેનનાં ચિત્રોમાં ભૂમિદશ્યો, ગામ, ખેતર, નદી, તળાવ, પાદર-સીમ, શેઢાનાં ઝાડ, ડુંગરાની ખોપો વગેરે સારી રીતે દશ્યમાન થાય છે.

તારીખ ૧૧, ૧૨ ઑક્ટોબરના રોજ સવારે ૧૨થી સાંજના ૭ દરમ્યાન આ પ્રદર્શન જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

# સમર્પણ કૉલેજના વિદ્યાર્થીઓ સ્પૉર્ટ્સમાં રાજ્યસ્તરે ઝળક્યા



ગાંધીનગર, તા. ૩૦

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને સંસ્થાને ગૌરવ અપાવ્યુ છે. કોલેજના દ્વિતિય વર્ષના વિદ્યાર્થી ક્રાન્તી ધુંખે તમીલનાડુમાં ત્રિચી મુકામે યોજાયેલી પાંચમી નેશનલ રૂરલ ગેમ્સમાં ૪૦૦ મી. રેસ અને લાંબી કુદમાં સમગ્ર દેશમાં ત્રીજા સ્થાને રહીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત પ્રથમ વર્ષના વિદ્યાર્થી રુદ્રસિંહ રાજપુતે વડોદરા ખાતે યોજાયેલી ૫૧ મી ગુજરાત સ્ટેટ શુટીંગ ચેમ્પીયનશીપ માં ૧૦ મી. એર પિસ્ટલ જુનીયરમાં ગોલ્ડ મેડલ, ૧૦ મી. એર પિસ્ટલમાં સિલ્વર મેડલ, ૫૦ મી ફ્રી પિસ્ટલ અને ૫૦ મી ફ્રી પિસ્ટલ જુનીયરમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે.

પુના ખાતે યોજાયેલી પાંચમી ગન ફોર ગ્લોરી શુટીંગ ચેમ્પીયનશીપ માં ૧૦ મી. એર પિસ્ટલ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

પ્રથમ વર્ષનાં વિદ્યાથી રુદ્રાક્ષસિંહ રાજપુતે ૫૧ મી ગુજરાત સ્ટેટ શુટીંગ ચેમ્પીયનશીપ માં ૧૦ મી. એર પિસ્ટલ માં જુનીયરમાં ગોલ્ડ મેડલ, ૨૫ મી. સ્પોર્ટસ પિસ્ટલ જુનીયર માં બ્રોન્ઝ મેડલ, ૨૫ મી. સેન્ટર ફાયર પિસ્ટલ જુનીયર માં બ્રોન્ઝ મેડલ, ૨૫ મી. સ્ટાન્ડર્ડ પિસ્ટલ જુનીયરમાં સીલ્વર મેડલ અને ૫૦ મી. ફ્રી પિસ્ટલ જુનીયરમાં સીલ્વર મેડલ મેળવ્યા છે. આ ઉપરાંત, નેશનલ રાઈફલ એસોશીયેશન ઓફ ઈન્ડીયા દ્વારા પુના ખાતે યોજાયેલી પાંચમી ગન ફોર ગ્લોરી શુટીંગ ચેમ્પીયનશીપ માં ૧૦ મી. એર પિર્સ્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

કોલેજનાં ટ્રસ્ટી ડૉ. કિશોરસિંહ સોલંકી અને આચાર્ય ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટે આ સિધ્ધીઓ હાંસલ કરીને સંસ્થાનુ નામ રોશન કરવા બદલ વિદ્યાર્થીઓને તથા તેમને સતત પ્રેરક માર્ગ દર્શન આપવા બદલ કોલેજના પી.ટી.આઈ પ્રા.મહેન્દ્રભાઈ મોડીયાને અભિનંદન પાઠવ્યા છે.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
મેઝ રનર (હિન્દી)
સવારે ૯.૧૦, ૨.૩૦, ૭.૫૦
ભાગ જોની
૧૨.૦૦, ૫.૨૦
કેલેન્ડર ગર્લ્સ
૧૦.૪૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૯.૪૦, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫
કટ્ટી બટ્ટી
૧૨.૪૫

**સ્ક્રીન-૩**
કિસ કિસ કો પ્યાર કરું
૧૦.૩૦, ૧.૨૫,
૪.૨૦, ૧૦.૦૫
કેલેન્ડર ગર્લ્સ
૭.૧૫

**સ્ક્રીન-૪**
કેલેન્ડર ગર્લ્સ
૧૦.૦૦, ૪.૦૦
બાંકિ કી ક્રેઝી બારાત
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# સંસ્કાર ગૃપ દ્વારા ગાંધીજયંતિ અને વન્યપ્રાણી સપ્તાહ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩૦

બાળકોની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થા સંસ્કાર ગૃપ અને ગાંધીનગર નેચર કલબ દ્વારા ગાંધીજયંતિ તથા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગૃપના પ્રમુખ તુષાર દવેએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેર વિસ્તાર તેમજ આસપાસનાં ગામોની પ્રાથમિક શાળાનાં બાળકોને મહાત્મા ગાંધીના જીવનચરિત્ર વિશે માહિતી આપવામાં આવશે.

વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત વન્યપ્રાણી તેમજ જીવસૃષ્ટિ વિશે વિશદ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવશે અને તેમને પ્રશ્નોત્તરી તથા ફિલ્મના માધ્યમથી વન્યસૃષ્ટિ, પ્રાણીઓ અંગેનું જ્ઞાન આપવામાં આવશે.

તા. ૪ ઑક્ટોબરના રોજ સાંજે ૬.૧૫થી ૭.૧૫ દરમ્યાન સૅક્ટર-૭ના જાહેર ઉદ્યાન ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીનું મહત્ત્વ અને તેના સંલગ્ન જાણકારી બાળકોને આપવામાં આવશે.

તા. ૫ ઑક્ટોબરના રોજ સવારે ૮થી ૧૨ દરમ્યાન ગાંધીનગર શહેર વિસ્તાર અને આસપાસનાં ગામોમાં કાર્યરત શાળાઓના વિદ્યાર્થીઓ માટે ક્વિઝ કાર્યક્રમ અને ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

## ઍમ ઍચ વિદ્યામંદિર ડભોડાની કબડ્ડી ટીમ રાજ્યમાં રનર્સ-અપ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં કાર્યરત શ્રી ઍમ ઍચ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ રનર્સ-અપ બની તાલુકા તથા ગામનું ગૌરવ વધાર્યું છે. ગામ, તાલુકા અને શાળા માટે વધુ ગૌરવની વાત એ પણ છે કે આ ટીમના ત્રણ ખેલાડીઓની પસંદગી નૅશનલ પ્લૅયર તરીકે કરવામાં આવી છે.

તાપી જિલ્લાના સુમગઢ મુકામે યોજાયેલ આ સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં આ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને રનર્સ-અપ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ ટીમના ખેલાડી ચિરાગ સોલંકી, રામુસિંહ શીખ અને રવિન્દ્ર બિહોલાની પસંદગી નૅશનલ પ્લેયર તરીકે કરવામાં આવી છે.

શ્રી કેળવણી મંડળ, ડભોડાના પ્રમુખ દિલીપભાઈ તથા શાળા પરિવારે વ્યાયામ શિક્ષક, કોચ દલસંગભાઈ ચૌધરી તથા તમામ શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## આઈટીઆઈના વિદ્યાર્થીઓના ઍનસીવીટી સર્ટિફિકેટ જોગ

ગાંધીનગર, તા. ૩૦

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૦૫થી ૨૦૧૦ દરમ્યાન આઈટીઆઈ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તમામ તાલીમાર્થીઓનાં ઍનસીવીટી પ્રમાણપત્રો આવી ગયા હોવાથી આ પ્રમાણપત્રો સંસ્થા ખાતેથી સવારે ૧૧થી ૨ દરમ્યાન રૂબરૂ રૂા. ૫૦, ઓળખપત્ર અને પ્રોવિઝનલ સર્ટિફિકેટની નકલ સાથે લાવીને મેળવી લેવા વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું છે.

# બાળમનોવિજ્ઞાન અને પ્રાથમિક શિક્ષણ

## આ સમસ્યાની અવગણના એટલે એક જીવંત બાળકની અવગણના ! એક જીવંત બાળકની અવગણના એટલે ભવિષ્યના એક સજ્જ નાગરિકની અવગણના !





પ્રાથમિક શાળામાં અન્યાય કરતું બાળક ગમે તેટલું હોંશિયાર હોય તો પણ એની માનસિક સ્થિતિ અપરિપક્વ જ ગણાય. એકાદ વિદ્યાર્થી એવો હોય જેની સરખામણી કૉમ્પ્યુટર સાથે કરી શકાય. એ વિદ્યાર્થી પણ ભણવાની બાબતમાં કૉમ્પ્યુટર જેવું મગજ ધરાવતો હશે પણ સામાન્ય સંજોગોમાં એની માનસિકતા પણ અપરિપક્વ જ લેખવી પડે. શાળામાં ભણાવતા શિક્ષકોએ એવા અપરિપક્વ માનસ સાથે કામ કરવાનું હોય છે ને એ વધારે અઘરું કામ છે. (આમ તો કૉલેજમાં આવ્યા પછી પણ વિદ્યાર્થી ક્યાં પરિપક્વ હોય છે ?) અપરિપક્વ માનસ સાથે કામ કરતી વખતે વિશેષ કાળજી અને ધીરજ આવશ્યક છે. બાળમનોવિજ્ઞાન સમજવું જરૂરી છે.

બાળમનોવિજ્ઞાન આપણા સમાજનો હવે એક મોટો પડકાર છે. બાળકના અપરિપક્વ માનસમાં શું ચાલી રહ્યું છે એ કળવું મુશ્કેલ હોય છે. મોટેભાગે શાળાના શિક્ષકોમાં એવી ધીરજ કે સૂઝ પણ હોતાં નથી કે જે આ બાળકોને સમજી શકે. શિક્ષકોને એ પ્રકારની તાલીમ પણ આપવામાં આવતી નથી કે આ બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ. ગુજરાતની આગવી યુનિવર્સિટી તરીકે જેની ગણના થાય છે તે બાળ વિશ્વવિદ્યાલય આ દિશામાં પ્રયાસ કરી રહી છે અને શિક્ષકો માટેના વિવિધ અભ્યાસક્રમોનું આયોજન પણ કરી રહી છે, જે જરૂરી પણ છે.

શિક્ષણનો વ્યાપ અને ઊંડાણ જે રીતે વિસ્તરતા જાય છે અને એ જોતાં નવા અભિગમોથી શિક્ષણને પામવાની તાતી આવશ્યકતા છે. અને એનો પ્રારંભ પ્રાથમિક શિક્ષણથી જ થવો જોઈએ. હવે, ગુજરાતી, હિન્દી, ગણિત, વિજ્ઞાન વિષયો ભણાવી દેવાથી વાત પૂરી થતી નથી. જે સમુદાય સાથે પ્રાથમિક શાળાના શિક્ષકોએ કામ કરવાનું છે એ સમુદાયની માનસિક સ્થિતિ જાણવા માટે પણ શિક્ષકોએ સજ્જ થવું પડશે ને એ સજ્જતા તાલીમ વગર કેળવાતી નથી. 'હું તો ગુજરાતીનો શિક્ષણ', 'હું તો ગણતનો શિક્ષક' - એવું કહીને પોતાની જાતને કૂપમંડૂક સાબિત કરતા શિક્ષકોએ પણ પોતાની એ પ્રકારની માનસિકતામાંથી બહાર આવવું પડશે. કારણ કે જે નવી પેઢી આવી રહી છે એ બધી રીતે વિલક્ષણ છે. એનામાં રહેલી વિલક્ષણતાને ઓળખીને એને યોગ્ય રસ્તે કેળવવાની જરૂર છે.

ગુજરાત સરકારે આ દિશામાં પહેલ કરી હોય હોય એવું દેખાઈ રહ્યું છે. શિક્ષણમાં ધડમૂળથી ફેરફાર લાવવા માટે અને ખાસ તો બાળકોનાં માનસનો અભ્યાસ કરવા માટે હવે મનોવિજ્ઞાનીઓની મદદ લેવામાં આવશે. બાળમનોવિજ્ઞાન દ્વારા હવે બાળકોનાં માનસનો અભ્યાસ કરવામાં આવશે. શિક્ષણની સમસ્યા ધીમેધીમે જીવનની સમસ્યા બનતી જાય છે અને એક પ્રતિભાશાળી બાળક પોતાની પ્રતિભાનો ઉપયોગ ખોટા રસ્તે કરે છે. એને કારણે એ બાળકના કુટુંબને અને એથી સમાજને નુકસાન પહોંચે છે. પ્રાથમિક શાળાનાં બાળકોમાં ડિસ્લેક્સિયા આવી જ એક જટિલ માનસિકતા છે. બાળકને લેખન અને વાચનની સમસ્યા હોય છે અને એને કારણે એ ઠોઠ સાબિત થતો જાય છે. 'ટ' અને 'ડ', 'બ' અને 'ભ'માં વિદ્યાર્થી ફેર કરી શકતો નથી. એ ડફોળ છે એટલે ફેર કરી શકતો નથી, એવું નથી પણ એ બંને વચ્ચેનો ભેદ એને પરખાતો જ નથી. જો આ બાબત ઉપર પ્રાથમિક શિક્ષણથી ધ્યાન આપવામાં નહીં આવે તો જેમ જેમ બાળક મોટું થતું જાય ચે તેમ તેમ એ ભેદ પણ વિસ્તરતો જાય છે, મોટો થતો જાય છે અને પછી સારા-નરસાનો ભેદ પણ બાળક માટે રહેતો નથી.

આ સમસ્યા પણ હવે ધીમે ધીમે વિસ્તરતી જાય છે. પહેલાં તો આ સમસ્યા છે એવું સમજાતા જ આપણને ઘણી વાર લાગી હતી અથવા તો આને પણ સમસ્યા કહેવાય એવું માનવા માટે પણ આપણે તૈયાર નહોતા અને માનતા થયા ત્યારે પણ એને બહુ હળવાશથી આપણે લીધું હતું. આ એક ગંભીર સમસ્યા છે અને એને માટે યોગ્ય ઈલાજ પણ જરૂરી છે એવું તો બહુ મોડે મોડે સમજાયું હતું. હા, બાળમનોવિજ્ઞાન સાથે સંકળાયેલો આ એક ગંભીર મુદ્દો છે અને એની અવગણના થઈ શકે એમ નથી.

આ સમસ્યાની અવગણના એટલે એક જીવંત બાળકની અવગણના ! એક જીવંત બાળકની અવગણના એટલે ભવિષ્યના એક સજ્જ નાગરિકની અવગણના ! શાળા, મહાશાળાઓ હવે આ દિશામાં સક્રિય થયા છે અને આ પ્રકારની સમસ્યા ધરાવતાં બાળકોને જુદા તારવીને એમને જુદી રીતે તાલીમ આપવામાં આવે છે. જો યોગ્ય રીતે તાલીમ આપવામાં આવે તો આ સમસ્યા અવશ્યપણે દૂર થાય છે. શિક્ષણક્ષેત્રે અને એમાં પણ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળમનોવિજ્ઞાન વધુ સક્રિય થાય એ આજની મોટી જરૂરિયાત છે.



## 'વૃધ્ધ વ્યક્તિ દિવસ' વિશેષ





પોતાની ૧૧૭મી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે કેક ખાઈ રહેલાં જાપાનનાં આ દાદી નામે મિસાઓ ઓકાવાની આ તસવીર ચાર માસ અગાઉ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ હતી. એમને દુનિયાનાં સૌથી વૃધ્ધ મહિલા માનવામાં આવે છે. પાંચમી માર્ચ, ૧૮૯૮ના રોજ એમનો જન્મ થયો હતો. અને પોતાની લાંબી જિંદગી વિશેનો અનુભવ એમને પૂછાયો ત્યારે એમણે જવાબ આપ્યો હતો, 'મને તો જિંદગી ઘણી ટૂંકી લાગી !' અને આટલા લાંબા જીવનનું રહસ્ય શું ? એવું એમને પૂછવામાં આવ્યું ત્યારે એમણે જવાબ આપ્યો, 'ખાઓ અને સૂઈ જાઓ એટલે તમે લાંબુ જીવશો.' અલબત્ત, એમની મતલબ પૂરતા ખોરાક અને પૂરતી ઉંઘ માટેની હતી, સ્વસ્થતા માટેની હતી. આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ નિમિત્તે આપણા ઘરના, સમાજના વૃધ્ધો પણ દીર્ઘાયુ અને સ્વસ્થતા પામે, ઘરમાં યોગ્ય સ્થાન અને સન્માન પામે એવા પ્રયાસો કરીએ એ જ આ દિવસની ઉજવણીની સાર્થકતા.